ગુજરાત યુનિવર્સિટી હોસ્ટેલમાં

નમાજીઓ પર હુમલાના કેસમાં વધુ ત્રણ સાથે પાંચની ધરપકડ કરાઈ

પોલીસે સ્પેશિયલ ટીમ બનાવી ધરપકડનો દૌર ચલાવ્યો

અમદાવાદઃ ગુજરાત યુનિવર્સિટી હોસ્ટેલમાં નમાજ પઢવાના મામલે વિદ્યાર્થીઓ વચ્ચે થયેલી મારામારીની ઘટના બાદ ગુજરાત યુનિવર્સિટી હોસ્ટેલની બહાર જડબેસલાક પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. આ સમગ્ર ઘટનામાં પોલીસે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરીને વધુ ત્રણ યુવકોની ધરપકડ કરી છે આમ આ ઘટનામાં અત્યાર સુધી કુલ પાંચ યુવકની ધરપકડ કરવામાં આવી છે. ધરપકડ કરાયેલા યુવકોમાં હિતેશ મેવાડા (રહે. સોલા- અમદાવાદ), ક્ષિતિજ પાંડે (રહે. શાસ્ત્રીનગર, નારણપુરા, અમદાવાદ), સાહિલ દુધાતિયા(રહે. સુભાષ ચોક, મેમનગર, અમદાવાદ), જીતેન્દ્ર પટેલ (રહે. ઘાટલોડિયા, અમદાવાદ) અને ભરત પટેલ (રહે. વસ્ત્રાલ, અમદાવાદ)નો સમાવેશ થાય છે.

શનિવારે રાત્રે ગુજરાત યુનિવર્સિટી હોસ્ટેલમાં નમાજ અદા કરવાના મામલે મામલો બિચક્યો હતો. જેમાં કેટલાક લોકોના ટોળાએ લાકડીઓ અને છરી વડે નમાજ અદા કરી રહેલા વિદેશી વિદ્યાર્થીઓ પર હુમલો કરી તેમના રૂમમાં તોડફોડ પણ કરી હતી. આ ઘટના અંગે અમદાવાદ શહેર પોલીસ કમિશનર જી.એસ. મલિકે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી આ મામલે 20 થી 25 લોકો સામે ગુનો નોંધી પાંચ લોકોની ધરપકડ કરી છે. ગુજરાત યુનિવર્સિટીમાં 300 જેટલા વિદેશી વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે.

ગુજરાત યુનિવર્સિટીમાં બનેલી ઘટના અંગે પોલીસે એક અલગ ટીમ બનાવી છે જે આ સમગ્ર ઘટનાની ઊંડાણપૂર્વકની તપાસ કરશે.

ગુજરાત યુનિવર્સિટી હોસ્ટેલમાં શનિવારે રાત્રે 10:30 વાગ્યે કેટલાક વિદ્યાર્થીઓ રમઝાન હોવાથી નમાજ અદા કરી રહ્યા હતા, ત્યારે 20 થી 25 લોકોનું ટોળું હાથમાં લાકડીઓ અને છરી સાથે ધસી આવ્યું હતું અને હોસ્ટેલમાં નમાજ પઢવાની મંજૂરી કોણે આપી છે.

તેમ કહેતા બંને પક્ષે બોલાચાલી ચાલુ થતાં મામલો બિચક્યો હતો. જેમાં 20 થી 25 લોકોના ટોળાએ નમાજ અદા કરી રહેલા વિદ્યાર્થીઓ પર હુમલો કરી તેમના રૂમમાં લેપટોપ, મોબાઈલ ફોન, સહિત અન્ય વસ્તુઓની તોડફોડ કરી હતી. તેમજ આ તોફાની ટોળાએ બાઈકને પણ નુકસાન કર્યું હતું.

રાજકીય પક્ષો દ્વારા સરકારી તિજોરી પર બાદશાહી લૂંટ ચલાવવામાં આવી છે

ભારતનું બંધારણ ઘડવામાં આવ્યું અને વિવિધ કાયદાઓ દ્વારા બંધારણની રક્ષા કરવા માટે સીબીઆઈ, ઇડી, ચૂંટણી પંચ, આઈટી વગેરે એજન્સીઓની સ્થાપના કરવામાં આવી ત્યારે કોઈએ પણ નહીં વિચાર્યું હોય કે આ એજન્સીઓનો ઉપયોગ ગુનેગારોને સજા કરવાને બદલે માલેતુજારોને બ્લેકમેઇલ કરીને તેમની પાસેથી અબજો રૂપિયાની ખંડણી ઉઘરાવવા માટે કરવામાં આવશે. સીબીઆઈને કોઈ તબક્કે સુપ્રીમ કોર્ટ દ્વારા સરકારના પાળેલા પોપટની ઉપમા આપવામાં આવી હતી, જેનું કામ સરકારના નિર્દેશ પર વિપક્ષોની પજવણી કરવાનું માનવામાં આવતું હતું. હવે ચૂંટણી પંચ દ્વારા ચૂંટણી બોન્ડનો જે ડેટા રિલીઝ કરવામાં આવ્યો છે, તેનું વિશ્લેષણ કરતાં લાગે છે કે સીબીઆઈ પાળેલો પોપટ નથી; પણ પાળેલો શિકારી કૂતરો છે, જેને દેશના ધનવાનો પર છોડી મૂકવામાં આવે છે અને તેમને લૂંટી લેવામાં આવે છે. વર્ષ ૨૦૧૮માં ભારતના શાસક પક્ષ દ્વારા બે નંબરના ભંડોળને છાંટ મારીને એક નંબરનું બનાવી દેવાનો જે અફલાતૂન નુસખો શોધી કાઢવામાં આવ્યો, ત્યારે તેણે અને રાજકીય પક્ષોને દાન આપનારા ધનવાનોએ સ્વપ્નમાં પણ નહીં વિચાર્યું હોય કે ક્યારેક આ બધી વિગતો જાહેર થશે અને તેમનું પાપ છાપરે ચડીને પોકારશે.

ભારતનાં મતદારોએ સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ ધનંજય ચંદ્રચૂડનો આભાર માનવો જોઈએ કે તેમણે ભારતના માત્ર શાસક પક્ષને જ નહીં પણ તમામ મુખ્ય રાજકીય પક્ષોને પ્રજા પાસેથી ખંડણી ઉઘરાવતાં રંગેહાથ પકડી પાડ્યા છે. જો આ પાપ માત્ર ભાજપે જ કર્યું હોત તો દેશના તમામ વિપક્ષો લાખો લોકો સાથે રસ્તા ઉપર આવી ગયા હોત અને નૈતિક ભૂમિકા પર સરકારનું ઘડીના છઠ્ઠા ભાગમાં પતન થઈ ગયું હોત. અહીં તો તમામ મુખ્ય વિપક્ષો આ ચોરી ગણો તો ચોરી અને લૂંટફાટ ગણો તો લૂંટફાટમાં સામેલ છે; માટે તેરી બી ચૂપ, મેરી બી ચૂપ જેવો ઘાટ છે. જો આજે ગાંધીજી કે લોકનાયક જયપ્રકાશ નારાયણ જેવા નેતાઓ હયાત હોત તો તેમણે કરોડો લોકોને રસ્તામાં ઊતારીને પ્રચંડ આંદોલન છેડી સરકારને રાજીનામું આપવા મજબૂર કરી હોત.

કોઈ ટપોરી પર કેટલાક હજારો રૂપિયાની ખંડણી ઉઘરાવવાનો કેસ પોલીસ દ્વારા ફાઇલ કરવામાં આવે તો તેને હાથકડી પહેરાવીને ભર બજારે લઈ જવામાં આવે છે અને જેલમાં ધકેલી દેવામાં આવે છે. જો દાઉદ ઇબ્રાહિમ, છોટા રાજન કે અરુણ ગવલી જેવા ગુંડાઓ બિલ્ડરો, ઉદ્યોગપતિઓ, દારૂના પીઠાઓ અને જુગારના અડ્ડાઓ પરથી કરોડો રૂપિયાની ખંડણી ઉઘરાવતા હોય તો તેમને ડોનની ઉપમા આપવામાં આવે છે અને તેમના પર સંખ્યાબંધ ફોજદારી કેસો ઠોકી દેવામાં આવે છે. અહીં તો ભારતનાં મતદારોએ જેમને ખોબે ખોબે મત આપીને સત્તાના સિંહાસન પર બિરાજમાન કર્યા છે, તેમણે જ પ્રજાને ડરાવીને, ધમકાવીને, જેલમાં નાખીને, તેમની પાસેથી અબજો રૂપિયાની ખંડણી ઉઘરાવી હોવાના જડબેસલાક પુરાવા જાહેર થયા છે; તો પણ તેમનો વાળ વાંકો થાય તેમ નથી, કારણ કે તેમાં દેશના તમામ મુખ્ય રાજકીય પક્ષો સામેલ છે.

ચૂંટણી પંચ દ્વારા જાહેર કરવામાં આવેલી યાદીમાં એવી ૨૨ કંપનીઓ છે, જેણે ઈલેક્ટોરલ બોન્ડ દ્વારા રાજકીય પક્ષોને ૧૦૦ કરોડ રૂપિયાથી વધુનું દાન આપ્યું છે. ૨૦૧૯ અને ૨૦૨૪ વચ્ચે સૌથી વધુ ચૂંટણી બોન્ડ ખરીદનાર ૩૦ કંપનીઓમાંથી ૧૪ પર દરોડા પાડવામાં આવ્યા છે. કેટલીક કંપનીઓ પર દરોડા પાડવામાં આવ્યા તે પછી તેમણે કરોડો રૂપિયાના બોન્ડ ખરીદ્યા છે; તો કેટલીક કંપનીઓએ બોન્ડ ખરીદ્યા તે પછી તેમને ત્યાં દરોડા પાડવામાં આવ્યા છે. પહેલા જૂથની કંપનીઓ દ્વારા ભાજપને દાન આપવામાં આવ્યું હતું તો બીજા જૂથની કંપનીઓ દ્વારા રાજ્યમાં સત્તામાં રહેલા પક્ષને દાન આપવામાં આવ્યું હતું; જેની જાણ ભાજપને થતાં તેમને પાઠ ભણાવવા માટે તેમના પર દરોડા પાડવામાં આવ્યા હતા. ચૂંટણી ફંડમાં જે કંપનીઓ દ્વારા સૌથી વધુ દાન આપવામાં આવ્યું છે તે કંપનીઓ કાયદેસર શરાબ અને જુગાર (લોટરી) નો ધંધો કરે છે.

ઈલેક્શન કમિશન દ્વારા બહાર પાડવામાં આવેલા ઈલેક્ટોરલ બોન્ડના ખરીદદારોની યાદીમાં ફ્યુચર ગેમિંગ એન્ડ હોટેલ સર્વિસીસ પ્રાઈવેટ લિમિટેડનું નામ સૌથી વધુ કિંમતના બોન્ડ ખરીદનારાઓની યાદીમાં ટોચ પર છે. આ કંપનીએ ૨૦૧૯ થી અત્યાર સુધીમાં રૂ. ૧,૩૬૮ કરોડના ઈલેક્ટોરલ બોન્ડ ખરીદ્યા છે. આ કંપની લોટરી ઉદ્યોગ સાથે સંબંધિત છે અને સેન્ટિયાગો માર્ટિન નામના વ્યક્તિએ વર્ષ ૧૯૯૧માં આ કંપનીની સ્થાપના કરી હતી. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે મની લોન્ડરિંગ કેસમાં કંપની પર દરોડા પાડ્યા હતા અને ૪૦૯ કરોડ રૂપિયાની સંપત્તિ જપ્ત કરી હતી. કંપની પર આરોપ છે કે ૨૦૧૪ થી ૨૦૧૭ ની વચ્ચે કંપનીએ લોટરી ટિકિટ દ્વારા ગેરકાયદેસર રીતે ૪૦૦ કરોડ રૂપિયાની કમાણી કરી હતી.

EDએ આ વર્ષે ૯ માર્ચે તમિલનાડુમાં સેન્ટિયાગો માર્ટિનના જમાઈ આધવ અર્જુન સાથે સંકળાયેલા સ્થળ પર પણ દરોડા પાડ્યા હતા. તામિલનાડુ રાજ્યમાં ગેરકાયદેસર રેતીખનન સાથે જોડાયેલા મની લોન્ડરિંગ કેસમાં આ કાર્યવાહી કરવામાં આવી હતી. આ સિવાય મે ૨૦૧૯માં પણ કંપની પર દરોડા પાડવામાં આવ્યા હતા. તેના માત્ર એક વર્ષ પછી કંપનીએ ચૂંટણી બોન્ડ ખરીદ્યા હતા. ૨ એપ્રિલ, ૨૦૨૨ ના દરોડા પછી, ૭ એપ્રિલના રોજ આ કંપનીએ ૧૦૦ કરોડ રૂપિયાના ઇલેક્ટોરલ બોન્ડ્સ ખરીદ્યા હતા. એવી જ રીતે તમિલનાડુ વિધાનસભાની ચૂંટણી દરમિયાન કંપની દ્વારા ઘણા ચૂંટણી બોન્ડ ખરીદવામાં આવ્યા હતા. આ વિગતો પરથી ખ્યાલ આવે છે કે લોટરીના અનૈતિક કારોબાર દ્વારા અબજો રૂપિયાની કમાણી કરતી આ કંપની પાસેથી ભાજપ ઉપરાંત તામિલનાડુમાં સત્તામાં રહેલા ડીએમકે દ્વારા પણ અબજો રૂપિયા પડાવવામાં આવ્યા હતા. જો આ માણસ દ્વારા ૧૩૬૮ રૂપિયા રાજકીય પક્ષોને ખંડણીના રૂપમાં ન ચૂકવવામાં આવ્યા હોત તો તેણે કદાચ તેના કરતાં દસ ગણો ટેક્સ ભરવો પડ્યો હોત. આ ટેક્સના રૂપિયા સરકારી તિજોરીમાં જમા થયા હોત, જેનો લાભ ભારતનાં નાગરિકોને થયો હોત. તેને બદલે આપણા શાસકો દ્વારા આ તિજોરીનાં નાણાં લૂંટાવી દેવામાં આવ્યા હતા અને તેનો ઉપયોગ ભ્રષ્ટાચાર આચરવા કરવામાં આવ્યો હતો.

મેઘા એન્જિનિયરિંગ એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રાઈવેટ લિમિટેડ કંપનીએ રૂ. ૯૬૬ કરોડના ઈલેક્ટોરલ બોન્ડ ખરીદ્યા છે. વર્ષ ૨૦૧૯માં મેઘા એન્જિનિયરિંગ એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રાઈવેટ લિમિટેડ પર ઈન્કમ ટેક્સ વિભાગ દ્વારા દરોડા પાડવામાં આવ્યા હતા. આ કંપનીના માલિક તેલુગુ બિઝનેસમેન કૃષ્ણા રેડ્ડી છે. હલ્દિયા એન્જિનિયરિંગ લિમિટેડે ચૂંટણી બોન્ડ દ્વારા રૂ. ૩૭૭ કરોડનું દાન આપ્યું છે. વર્ષ ૨૦૨૦માં આ કંપની વિરુદ્ધ સીબીઆઈ દ્વારા કાર્યવાહી કરવામાં આવી હતી. વેદાંત જૂથની કંપની તલવંડી સાબો પાવર લિમિટેડ પર વર્ષ ૨૦૨૨માં ED દ્વારા દરોડા પાડવામાં આવ્યા હતા. આ દરોડો મની લોન્ડરિંગ કેસમાં પાડવામાં આવ્યો હતો. આ કંપનીએ ૪૦૦ કરોડ રૂપિયાના ઈલેક્ટોરલ બોન્ડ ખરીદ્યા હતા. યશોદા સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલે ચૂંટણી બોન્ડ દ્વારા રાજકીય પક્ષને રૂ. ૧૬૨ કરોડનું દાન આપ્યું છે. હોસ્પિટલના ધંધામાં પણ કેટલી કાળી કમાણી છે, તેનો ખ્યાલ આ કંપનીના કિસ્સા પરથી આવે છે.

આ કંપની પર આવકવેરાના દરોડા વર્ષ ૨૦૨૦માં થયા હતા અને કંપનીએ ૨૦૨૧માં ઈલેક્ટોરલ બોન્ડ ખરીદ્યા હતા. વર્ષ ૨૦૧૯ માં સીબીઆઈ દ્વારા DLF કોમર્શિયલ ડેવલપર્સ લિમિટેડ વિરુદ્ધ જમીનની ફાળવણીમાં ગેરરીતિઓના કેસમાં કાર્યવાહી કરવામાં આવી હતી. આ કંપનીએ રૂ. ૧૩૦ કરોડના ઈલેક્ટોરલ બોન્ડ ખરીદ્યા હતા. દેશની તિજોરી પર બાદશાહી લૂંટ ચલાવનારા રાજનેતાઓ હવે લોકસભાની ચૂંટણીમાં મત માગવા નીકળશે અને અબુધ મતદારો તેમને ખોબા ભરીને મતો પણ આપશે.

જો આજે ગાંધીજી કે લોકનાયક જયપ્રકાશ નારાયણ જેવા નેતાઓ હયાત હોત તો તેમણે કરોડો લોકોને રસ્તામાં ઊતારીને પ્રચંડ આંદોલન છેડી સરકારને રાજીનામું આપવા મજબૂર કરી હોત

ટુ ધ પોઇન્ટ

સમકિત શાહ

સૌરાષ્ટ્રના કોસ્ટલ બેલ્ટ પર ગરમીથી પરેશાની વધશે

અમરેલી-રાજકોટ અને નલિયામાં ગરમીનો પારો ઉંચે ચડીને 38 ડિગ્રીએ પહોંચ્યો

અમરેલીમાં 38, ભાવનગરમાં 34, રાજકોટમાં 38, ભૂજમાં 37 ડિગ્રી તાપમાન નોંધાયું

ગાંધીનગરઃ રાજયમાં હવે આકરો ઉનાળો શરૂ થઈ ગયો છે. ખાસ કરીને સૌરાષ્ટ્રમા તેની અસર વધારે જોવા મળી રહી છે. હવામાનવિભાગના વૈજ્ઞાનિકોએ આપેલી ચૈતવણી મુજબ , સૌરાષ્ટ્રના કોસ્ટલ એરિયામાં ગરમીની અસરથી શરીરમાં બેચેની લાગશે. આ ઉપરાતં ગરમી વધવાની સંભાવના છે. આજે દિવસ દરમ્યાન રાજયમાં અમરેલી , રાજકોટ અને નલિયામાં ગરમી વધીને 38 ડિગ્રીએ જવાની સંભાવના છે.

અમદાવાદના એરપોર્ટ કેમ્પસમાં આવેલા હવામાન વિભાગના સત્તાવાર સૂત્રોએ કહ્યું હતું કે, રાજયના અન્ય શહેરો પૈકી અમદાવાદમાં 36 ડિ.સે., ડીસામાં 37 ડિ.સે., ગાંધીનગરમાં 36 ડિ.સે., વલ્લભ વિદ્યાનગરમાં 36 ડિ.સે., વડોદરામાં 36 ડિ.સે., સુરતમાં 34 ડિ.સે., વલસાડમાં 33 ડિ.સે., ભૂજમાં 37 ડિ.સે ., નલિયામાં 38 ડિ.સે., કંડલા પોર્ટ પર 36 ડિ.સે., કંડલા એરપોર્ટ પર 37 ડિ.સે., અમરેલીમાં 38 ડિ.સે., ભાવનગરમાં 34 ડિ.સે ., રાજકોટમાં 38 ડિ.સે., સુરેન્દ્રનગરમાં 37 ડિ.સે., મહુવામાં 34 અને કેશોદમાં 37 ડિ.સે. મહત્તમ તાપમાન નોંધાવવા પામ્યુ હતું. બીજી તરફ કચ્છના નલિયામાં અને મહુવામાં આજે 17 ડિગ્રી ઠંડી તાપમાન નોંધાયું હતું.

ગુજરાતના મામલે હવે ચૂંટણી પંચની દરમ્યાનગીરી શરૂ

ચૂંટણી પંચનો આદેશઃ ઈન્ચાર્જ ગૃહ સેક્રેટરી પંકજ જોશીને હટાવી એ.કે. રાકેશ મુકાયા

નવા અધિક મુખ્ય સચિવ તરીકે એ કે રાકેશને ચાર્જ અપાયો

ચૂંટણી પંચની સૂચનાથી પાંચ આઈપીએસ દ્વાર પોતાના હાલના હોદ્દોનો ચાર્જ છોડાયો

ગાંધીનગરઃ લોકસભાની ચૂંટણીની જાહેરાતની સાથે જ ગુજરાતના મામલે હવે કેન્દ્રિય ચૂંટણી પંચે દરમ્યાનગીરી કરી છે, જેના પગલે પહેલા તો આજે દિવસ દરમ્યાન ગુજારતના અધિક મુખ્ય સચિવ (ગૃહ) તરીકે વધારાનો ચાર્જ સંભાળતા સીએમ પંકજ જોશીને હટાવાયા છે. જોશી હાલમાં મુખ્યમંત્રી કાર્યાલયમાં અધિક મુખ્ય સચિવ તરીકે કાર્યભાર સંભાળી રહ્યા છે.

આજે સવારે કેન્દ્રિય ચૂંટણી પંચમાંથી આવેલી સૂચના મુજબ, ગુજરાત , ઉત્તર પ્રદેશ , બિહાર , ઝારખંડ , હિમાચલપ્રદેશ , ઉત્તરાખંડ સહિતના રાજ્યોમાંથી હાલના ગૃહ સચિવને હટાવવાનો આદેશ કરાયો હતો. તે પછી આજે બપોરે પછી કેન્દ્રિય ચૂંટણી પંચની સાથે સંકલન બાદ ગુજરાતમાં હવે નવા એસીએસ હોમ તરીકેનો ચાર્જ એ કે રાકેશને આપવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે ગુજરાતમાં એકજ સ્થાન પર ત્રણ વર્ષથી ફિલ્ડમાં ફરજ બજાવી રહેલા આઈપીએસ અધિકારીઓની બદલીઓ આવી રહી છે. જો કે તે હવે કેન્દ્રિય ચૂંટણી પંચની સીધી સૂચના મુજબ કરાશે. ખાસ કરીને સુરતના પોલીસ કમિશ્નર, સુરતના રેન્જ આઈજી, આણંદ, અમદાવાદ તથા મહેસાણા જિલ્લાના એસપીની નિયમિત નિમણૂંક પણ કરવામાં આવનાર છે. જો કે તે પહેલા ચૂંટણી પંચ રાજ્ય સરકારના ગૃહ વિભાગ પાસેથી ત્રણ - ત્રણ અધિકારીઓની પેનલ મંગાવશે, તેના પર પુખ્ત વિચારણા બાદ કેન્દ્રિય ચૂંટણી પંચ આ પોસ્ટ માટે અધિકારીઓની પસંદગી કરશે. ચૂંટણી પંચના મૌખિક આદેશ બાદ અમદાવાદ રેન્જ, બોર્ડર રેન્જ અને અમદાવાદ શહેરના પાંચ આઈપીએસ અધિકારીઓએ પોતાનું સ્થાન કે ચાર્જ છોડી દીધો છે.

ધોરણ 10ની પરીક્ષામાં ખેડામાં બેંચ નીચેથી સ્માર્ટ વોચ મળી, કોપી કેસ નોંધાયો

ગાંધીનગરઃ રાજ્યમાં હાલમાં ધોરણ 10 અને 12ની બોર્ડની પરીક્ષાઓ ચાલી રહી છે. આ પરીક્ષામાં રોજે રોજ ગેરરિતીના કિસ્સાઓ બહાર આવી રહ્યાં છે. આજે ધોરણ 10ની પરીક્ષાના પ્રથમ સેશનમાં ખેડા ખાતે પરીક્ષા ખંડમાં એક પરીક્ષાર્થીની બેંચ નીચેથી સ્માર્ટ વોચ મળી આવતા કોપી કેસ દાખલ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત અમદાવાદ ગ્રામ્યમાં બે અને સાબરકાંઠા જિલ્લામાં એક એક કોપી કેસ નોંધાયો હતો. આ ઉપરાંત ધોરણ 12 સામાન્ય પ્રવાહના બીજા સેશનમાં અમદાવાદ શહેર અને પાટણ જિલ્લામાં એક એક કોપી કેસ નોંધાયો હતો. આમ આજના બંને સેશનની પરીક્ષામાં કુલ આઠ કોપી કેસ નોંધાયા હતા.

માહે રમઝાન

રોઝો-૮ તા. ૧૯-૩-૨૦૨૪ મંગળવાર ઈફતારીનો વક્તઃ ૬-૫૪

રોઝો-૯ તા. ૨૦-૩-૨૦૨૪ બુધવાર સહેરીનો આખરી વક્તઃ ૫-૧૯

રૂ. ૭૦/- થી શરૂ

કુલ એકશન થ્રીલર

બસ્તર

૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

કુલ એકશન થ્રીલર

યોધ્ધા

સિદ્ધાર્થ મલ્હોત્રા/ઇશા પટની

૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

RUPAM CINEMA

એડ.બુકીંગ થિયેટર અને bookmyshow.com પર ચાલુ છે.

બૅંક ઑફ બડૌદા Bank of Baroda

પારસી શેરી શાખા : ખાંડવાલા શેરી, બરાનપુરી ભાગળ પાસે, સુરત-૩૯૫૦૦૩ ફોન : ૦૨૬૧-૨૪૩૪૬૩૨, ૨૪૩૮૮૩૯, ૨૪૨૪૦૧૬. Email : parsis@bankofbaroda.com

કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે)

નીચે સહી કરનાર બેંક ઓફ બરોડા ના અધિકૃત અધિકારીએ સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ અને તેમને આ ધારાની કલમ ૧૩(૧૨) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના (રૂલ ૮) સાથે વંચાણે લઈ **તા.૦૯.૦૮.૨૦૨૩** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને **દેવાદારો / ગીરવેદાર શ્રી રાજેશભાઈ છનાભાઈ દાફડા અને શ્રીમતી કોકિલાબેન રાજેશભાઈ દાફડા** ને નોટીસમાં દર્શાવેલ રકમ **રૂા.૧૭,૫૬,૧૨૩.૪૯ (અંકે રૂા. સત્તર લાખ છપ્પન હજાર એકસો ત્રેવીસ અને ઓગણપચાસ પૈસા પુરા)** તા.૦૮.૦૮.૨૦૨૩ ના રોજનાં (તા.૦૯.૦૪.૨૦૨૩ સુધીના વ્યાજ સહિત) તથા તેના ઉપરનાં વધારાના વ્યાજ અને ખર્ચાઓ સહિત આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદારો / ગીરવદોર આ રકમ પરત ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદારો / ગીરવદોર અને જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારા ૧૩(૪) ના રૂલ ૮ સાથે વંચાણે લઈ **તા.૧૭મી માર્ચ ૨૦૨૪** ના રોજ આ સંપત્તિનો પ્રત્યક્ષ કબજો સંભાળી લીધેલ છે.

ખાસ કરીને દેવાદારો / ગીરવદોર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ બરોડા** ની રકમ **રૂા.૧૭,૫૬,૧૨૩.૪૯ (અંકે રૂા. સત્તર લાખ છપ્પન હજાર એકસો ત્રેવીસ અને ઓગણપચાસ પૈસા પુરા)** તા.૦૮.૦૮.૨૦૨૩ ના રોજનાં (તા.૦૯.૦૪.૨૦૨૩ સુધીના વ્યાજ સહિત) તથા તેના ઉપરનાં વધારાના વ્યાજ અને ખર્ચાઓ સહિત સંપૂર્ણ ચુકવણી સુધીનાને આધીન રહેશે.

દેવાદારનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

સ્થાયી મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત ડુદા રેસીડન્સી નામની રહેણાંકની સોસાયટી સ્થિત પ્લોટ નં.૧૨ (ગામના ૭/૧૨ ના ફોર્મ મુજબ) અને કે.જે.પી. મુજબ જે પ્લોટ રેવન્યુ સર્વે / બ્લોક નં.૬૩૮/૧૨ તરીકે ઓળખાતો, જેનું માપ ૮૮.૮૮ ચો.વાર યાને ૭૪.૩૧ ચો.મી. (મંજૂર થયેલ પ્લાન મુજબ માપ ૭૪.૪૨ ચો.મી.) મોજે ઓલપાડ, જી.સુરત ખાતે શ્રી રાજેશભાઈ છનાભાઈ દાફડા અને શ્રીમતી કોકિલાબેન રાજેશભાઈ દાફડા ના નામે આવેલ છે. જેની ચતુર્દિશા : ઉત્તર તરફ : પ્લોટ નં.૨૧, દક્ષિણ તરફ : રોડ, પૂર્વ તરફ : પ્લોટ નં.૧૧, પશ્ચિમ તરફ : પ્લોટ નં.૧૩ આવેલ છે.

તા. ૧૭.૦૩.૨૦૨૪ | સ્થળ : સુરત — ચીફ મેનેજર, અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા

પશ્ચિમ રેલવે - વડોદરા ડિવિઝન

ડિઝલ એન્જિનો માટે વાર્ષિક જાળવણી કોન્ટ્રાક્ટ

ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રિકલ Tr.D) પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-390 004 દ્વારા નીચે જણાવેલ કાર્યો માટે ટેન્ડરો આમંત્રિત કરવામાં આવે છે. **અનું. નં.1:** ટેન્ડર નં. EL/TRD/Tender/23-24/30. **કામનું નામઃ** વડોદરા મંડળના 8-વ્હીલર અને 4-વ્હીલર ટાવર વેગનો ડિઝલ એન્જિનો માટે બે (02) વર્ષોના સમયગાળા માટે વાર્ષિક જાળવણી કોન્ટ્રાક્ટનું કામ. **કામની અંદાજીત પડતર (રૂ.માં):** ₹ 2,54,24,839/- **બિડ સિક્યુરીટી (રૂ.માં):** ₹ 2,77,100/- **ટેન્ડર દસ્તાવેજની પડતર અને પૂર્ણ કરવાનો સમયગાળોઃ** પૂર્ણ કરવાનો સમયગાળો 24 મહિના, **ટેન્ડરનું સમયપત્રકઃ** ટેન્ડર બંધ થવાની તારીખઃ તા.16-04-2024 અને બંધ થવાનો સમય એજ તારીખે 15:00 કલાકે. **વેબ પેજ વિગતો અને નોટીસ સ્થળ જ્યાં સંપૂર્ણ વિગતો જોઈ શકાશે અને સ્પષ્ટીકરણ અને ઓફીસનું સરનામુંઃ વેબસાઈટઃ @ www.ireps.gov.in** ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રિકલ Tr.D), પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-390 004. BRC-349

આગળ જોતો રહોઃ twitter.com/WesternRly

Dakshin Gujarat Vij Company Limited
CIN U40102GJ2003SGC042909
Kadodara Division
GETCO 66 kV SS Compound, Kadodara, Surat 394 327
DGVCL Toll Free No. 19123 (or 1800 233 3003)

Tender Notice

Tenders are invited for Turnkey Contract (Supply, Installation, Testing and Commissioning) of Creation of Robust Network for 11 KV XLPE HT Cable with Underground /Overhead Cable in various sub-divisions of Kadodara Division in DGVCL under S.I. Scheme for FY 2023-24. For further details & download, please visit www.dgvcl.com & https://tender.nprocure.com.

EE (O&M), Kadodara Division Office, DGVCL.

Install MCB/ ELCB/RCCB & Prevent Electric Shocks/Electrical Accidents

ROONGTA CINEMAS Multiplex
શ્યામ મંદિરની સામે, વીઆઈપી રોડ, વેસુ, સુરત.

Kung FU Panda-૪ (હિન્દી) સવારે : ૯.૦૦, ૧૧.૦૦.

યોધ્ધા ૮.૨૦, ૯.૧૦, ૧.૦૦, ૨.૦૦, ૩.૩૫, ૪.૪૫, ૬.૨૦, રાત્રે ૮.૫૫, ૧૧.૩૦ મિડનાઈટ શો ૧૨.૩૦

બસ્તર ધ નકસલ સ્ટોરી ૧૧.૩૦, ૫.૪૫, રાત્રે ૮.૧૫

આર્ટિકલ 370 ૧૧.૪૫, ૨.૪૫, રાત્રે ૧૦.૪૫

શૈતાન ૧૦.૫૦, ૧.૨૦, ૩.૫૦, ૬.૧૫, ૭.૩૦, રાત્રે ૮.૪૫, ૧૦.૦૦, ૧૧.૨૦

તેરી બાતોં મેં ઐસા ઉલ્ઝા જીયા સવારે ૮.૪૫

થિયેટર પર અને bookmyshow.com અને paytm પર એડવાન્સ બુકીંગ ચાલુ છે.

CITY PLUS MULTIPLEX ફ્રી પાર્કીંગ

યોધ્ધા ૯.૧૫, ૧૧.૦૦, ૧.૩૦,૪.૦૦, ૭.૩૦ રાત્રે : ૧૦.૦૦

શૈતાન ૧૦.૧૫, ૧૨.૪૫, ૩.૧૫, ૫.૪૫, ૭.૦૦ રાત્રે : ૧૦.૩૦

આર્ટિકલ 370 ૧૧.૪૫, ૨.૪૫, રાત્રે : ૯.૩૦

બસ્તર રાત્રે : ૮.૧૫

થિયેટર પર અને bookmyshow.com પર એડવાન્સ બુકીંગ ચાલુ છે.

Valentine Multiplex DOLBY ATMOS

યોધ્ધા સિદ્ધાર્થ મલ્હોત્રા ઈશા પટની - રાની ખન્ના. ૯.૩૦, ૧૦.૧૫, ૧૧.૫૫, ૨.૩૦, ૫.૦૫, ૭.૪૦, રાત્રે : ૯.૨